પ્રકરણ - (૨)

સ્થાયી ભાવ :

નાટ્યશાસ્ત્રના સાતમાં અધ્યાય 'ભાવાધ્યાય' અંતર્ગત ભરતમુનિએ સ્થાયી ભાવનું સ્વરુપ તથા પ્રભેદો નિરુપ્યા છે. અન્ય નાટ્યશાસ્ત્રીય તથા કાવ્યશાસ્ત્રીય ગ્રંથોમાં સ્થાયી ભાવની પરિભાષા અને પ્રભેદો મળી આવે છે.

ભરતમુનિએ સ્થાયી ભાવને સ્વામીરુપ નરેન્દ્રવત્ માન્યા છે અને અન્ય ભાવોને તેના પરિજનરુપ કહ્યા છે. આઠ પ્રકારના સ્થાયી ભાવોજ રસત્વ ધારણ કરે છે એવો ભરતમુનિનો સ્પષ્ટ અભિપ્રાય છે.

અભિનવગુપ્તે સ્થાયી ભાવને ચિત્તવૃત્તિરુપ માન્યો છે અને તેને પ્રાણીમાં જન્મજાત વાસનારુપ કહ્યો છે. તેમના મતે સહૃદયની ચિત્તવૃત્તિ ચર્વણા વ્યાપારથી રસત્વ પામે છે. હેમચંદ્રાચાર્યે પણ સ્થાયીને જન્મજાત વાસનારુપ ચિત્તવૃત્તિ સમાન માન્યા છે.

ધનંજયે દશરુપકમાં સ્થાયી ભાવને લવણાકારની ઉપમા આપી છે. જે પોતાનામાં અન્ય ભાવોને સરિતાના જળની જેમ ભેળવી દઈ આત્મભાવ પ્રાપ્ત કરે છે.

ધનંજય, વિશ્વનાથ, પંડિતરાજ જગન્નાથના મતે સ્થાયી ભાવની પ્રધાનતા એટલા માટે છે કે તે અન્ય ભાવોથી નાશ પામતા નથી. નાટ્યદર્પણ સ્થાયી ભાવને તે જ્ઞાનસ્વરુપ હોવાથી ચેતનાસ્વરુપ માન્યા છે. રસતરંગિણીકાર ભાનુદત્તના મતે સ્થાયી ભાવ અન્ય ભાવોને દબાવવા સમર્થ હોય છે પણ સ્વયં કોઈથી દબાતા નથી. ભોજના મતે સ્થાયી ભાવ ચિરકાળપર્યંત ચિત્તમાં અવસ્થિત રહે છે અને રસત્વને પ્રાપ્ત કરે છે. રસગંગાધરકારે સ્થાયીભાવ આપ્રબન્ધ સ્થિર રહેવાને કારણે તેને સ્થાયીની સંજ્ઞા આપી છે. સંગીત રત્નાકર અનુસાર ભૂયિષ્ઠ વિભાવોથી ઉત્પન્ન રતિ આદિ ભાવો સ્થાયી ભાવ હોય છે. ભાવપ્રકાશન અનુસાર જે ચિત્તમાં ચિરકાળ સુધી અવસ્થિત રહે છે, જે રસાનુબન્ધો (વિભાવ-અનુભાવ, સંચારી ભાવો) ના સહયોગથી વૃદ્ધિ પામે છે અર્થાત અભિવ્યક્ત થાય છે, જે રસરુપ છે તેને

વિધ્વાનો સ્થાયી ભાવ કહે છે. ભાવપ્રકાશનમાં સ્થાયી ભાવની એક અન્ય પરિભાષા પણ મળે છે. તદાનુસાર કાવ્યાદિમાં વર્ણિત, નટો ધ્વારા યથાયોગ્ય અભિનીત જે ભાવ સામાજિકોના હૃદયમાં રસરુપે સ્થાપિત થાય છે તે સ્થાયી ભાવ કહેવાય છે.

ગુજરાતી વાઙ્મયમાં વિભિન્ન રસમીમાંસકોએ, સંસ્કૃત આચાર્યોએ આપેલી સ્થાયી ભાવની વિવિધ પરિભાષાઓના આધારે સ્થાયી ભાવનું સ્વરુપ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

શ્રી રામપ્રસાદ બક્ષીના કથન અનુસાર રસસિધ્ધાન્તની પરિભાષામાં કાવ્યનાટકાદિ પ્રબન્ધમાં લગભગ સતત રહેતા અને મુખ્ય સ્થાને રહેલા ભાવને સ્થાયી ભાવ કહે છે. (મનીષા નાટ્યરસ અંક પૃ.૧૧)

શ્રી જયન્તેન્દ્ર હ.દવેના મત પ્રમાણે સ્થાયી ભાવો સહજ છે, જન્મસિધ્ધ છે,. એ ચાલ્યા જતા નથી માટે સ્થાયી કહેવાય છે. (વાઙ્મય ચિંતન પૃ.૪૧)

શ્રી પ્રમોદકુમાર પટેલના કથન પ્રમાણે સ્થાયી ભાવો એટલા માટે સ્થાયી કહેવાયા કે માનવપ્રકૃતિમાં તે સ્થાયી રહેલા છે. માનવોની મૂળભૂત વૃત્તિઓ, ઇચ્છાઓ, વાસનાઓ કે સંસ્કારો રુપે ચિત્તમાં સુષુપ્ત ભાવે તે પડયાજ હોય છે. માનવમાત્રમાં રહેલા તે જન્મજાત અંશો છે, જે જીવનના વિકાસ દરમ્યાન આસપાસના જગતના પદાર્થો, પ્રસંગો અને પરિસ્થિતિઓના આઘાત પ્રત્યાઘાતથી પોષણ અને સંવર્ધન પામતા રહે છે. માનવ પ્રકૃતિમાં સ્થાયી બની રહેલા આ ભાવો દીર્ઘ કાળ ટકનારા ભાવો છે. એમ પણ કહી શકાય કે સ્થાયીભાવ સ્વયંભૂ હોય છે. તેનું હોવું અકારણ છે. સ્થાયીભાવની સંજ્ઞા આ રીતે માનવમાત્રમાં રહેલી મૂળભૂત વૃત્તિ કે ભાવને અનુલક્ષે છે. (રસસિધ્ધાંત- એક પરિચય પૃ.૧૧)

આમ વિભિન્ન આચાર્યો ધ્વારા કથિત સ્થાયી ભાવની વિભિન્ન નિમ્નલિખિત વિશેષતાઓ માનવામાં આવી છે.

૧) સ્થાયી ભાવ જન્મજાત છે અને સમસ્ત પ્રાણીઓમાં વાસનાત્મકરુપે વિધમાન હોય છે.

૨) સ્થાયી ભાવ સ્થિર ભાવ હોય છે અને મનોવિકારોમાં સર્વપ્રધાન હોય છે. આ વિરોધી અથવા અવિરોધી, વિજાતીય અથવા સજાતીય ભાવોથી ઉચ્છિન્ન અથવા તિરોહિત નથી થતાં.

3) સ્થાયી ભાવ અન્ય ભાવોને આત્મસાત્ કરી લે છે તથા સ્વામીના સેવકની જેમ અન્ય ભાવ તેના પ્રેરિત તેમજ વશવર્તી થઇ કાર્ય કરે છે.

૪) સ્થાયી ભાવ વ્યાપક ભાવ હોય છે અને તેમાં ચિરકાલિનતા, આપ્રબન્ધ સ્થાયિત્વ અથવા અવિચ્છિન્ન પ્રવાહમયતા' હોય છે.

૫) 'રસત્વ' સ્થાયી ભાવોનેજ પ્રાપ્ત થાય છે અથવા ચર્વણા, આસ્વાદ્યતા અથવા આનન્દરુપતા સ્થાયી ભાવોનેજ પ્રાપ્ત થાય છે.

ભરતમુનિએ સ્થાયી ભાવને જન્મજાત વાસનાત્મક ચિત્તવૃત્તિરુપ માન્યો નથી. સ્થાયી ભાવોને સ્વરુપત: અન્ય ભાવોની સમાનજ માની તેમના ગુણ અને પ્રભાવને કારણે અન્ય ભાવોથી એવી રીતે પૃથક્ કર્યા છે જેમ નરેન્દ્ર નરોથી હોય છે. ભરતોત્તર યુગના આચાર્યોએ સ્થાયી ભાવને જન્મજાત વાસનાત્મક ચિત્તવૃત્તિરુપજ માન્યો છે. આ અંગે વિસ્તૃત ચર્ચા 'ભરતમુનિની દૃષ્ટિએ સ્થાયી ભાવ' અંતર્ગત કરવામાં આવી છે.

<u>સ્થાયી ભાવના પ્રભેદો</u>

ભરતમુનિએ સ્થાયી ભાવના આઠ પ્રભેદ માન્યા છે. (૧) રતિ, (૨) હાસ, (૩) શોક (૪) ક્રોધ (૫) ઉત્સાહ (૬) ભય (૭) જુગુપ્સા તથા (૮) વિસ્મય.

અધ્યાય-૬ શ્લોક ૧૮

સ્થાયી ભાવોની સંખ્યા અંગે પણ સંશોધન થતું રહ્યું છે અને ભરતોત્તર યુગના આચાર્યોએ અનેકવાર આવશ્યકતાનુસાર તેમાં સુધારાવધારા કરવાના પ્રયત્નો કર્યા છે. 'શાન્તરસ'ની કલ્પના કરી ક્યારેક 'શમ' તો ક્યારેક 'નિર્વેદ'ને તેનો સ્થાયી ભાવ માનવામાં આવ્યો. શમ-સ્થાયીની સ્થાપના કરનારા અભિનવગુપ્તને બાદ કરતાં મોટા ભાગના આચાર્યોએ નિર્વેદને સ્થાયીરુપે સ્વીકાર્યો. કાળાન્તરે વત્સલ રસની સ્થાપના માટે 'વાત્સલ્ય' સ્થાયીની કલ્પના કરવામાં આવી. વૈષ્ણવ ભક્તોએ 'ભક્તિ' રસની પ્રતિષ્ઠા કરી અને દેવવિષયક રતિને તેનો સ્થાયી ભાવ માન્યો. ભોજે તો 'ગર્વ, સ્નેહ, ધૃતિ તથા મતિ'

નામક સ્થાયી ભાવોની કલ્પના કરી અનુક્રમે ઉદ્ધત, પ્રેયસ, શાંત તથા ઉદાત્ત' રસો પ્રસ્તુત કર્યા છે. આ અંગે વિસ્તૃત ચર્ચા ડો.વી. રાઘવને તેમના પુસ્તક Number of Rasas અંતર્ગત કરી છે.

સ્થાયી ભાવોનો ક્રમ

ભરતમુનિએ સ્થાયી ભાવોનો ક્રમ નાટ્યશાસ્ત્રના સાતમાં અધ્યાયમાં આ પ્રમાણે આપવામાં આવ્યો છે. (૧) રતિ (૨) હાસ (૩) શોક (૪) ક્રોધ (૫) ઉત્સાહ (૬) ભય (૭) જુગુપ્સા તથા (૮) વિસ્મય. કાવ્યાનુશાસન, સાહિત્યદર્પણ, નાટ્યદર્પણ -માં આજ ક્રમ છે. પરંતુ દશરુપકમાં જરા જુદો ક્રમ મળે છે. (૧) રતિ (૨) ઉત્સાહ, (૩) જુગુપ્સા (૪) ક્રોધ (૫) હાસ્ (૬) વિસ્મય (૭) ભય (૮) શોક. ભાવપ્રકાશનમાં ક્રમ (૧) રતિ (૨) હાસ (૩) ઉત્સાહ (૪) વિસ્મય (૫) ક્રોધ (૬) શોક (૭) જુગુપ્સા તથા (૮) ભય એવો છે. રસાર્ણવ સુધાકરમાં આજ ક્રમ ગ્રહણ કરવામાં આવ્યો છે. રસગંગાધરમાં આ પ્રમાણે ક્રમ છે. (૧) રતિ (૨) શોક (૩) નિર્વેદ (૪) ક્રોધ (૫) ઉત્સાહ (૬) વિસ્મય (૭) હાસ (૮) ભય અને (૯) જુગુપ્સા.

અભિનવગુપ્તના કથન અનુસાર મનુષ્ય દુઃખના સંપર્કથી દ્વેષ કરનારો તથા સુખાસ્વાદમાં તત્પર હોય છે. આ નિયમ વડે (૧) પ્રત્યેક વ્યક્તિ પોતાની અંદર ઉત્કર્ષ પ્રાપ્ત રમણ કરવાની ઇચ્છાથી યુકત છે. (રતિ) (૨) રમણેચ્છાને કારણે તે બીજાનો ઉપહાસ કરે છે. (હાસ) (૩) પ્રિયવસ્તુના વિયોગથી તે દુઃખી થાય છે (શોક) (૪) પ્રિયવસ્તુના વિયોગના કારણો પરત્વે ક્રોધ કરે છે (ક્રોધ) (૫) શકિત ન હોવાથી તે તેનાથી ડરે છે (ભય) (૬) કોઇને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે (ઉત્સાહ) (૭)કયારેક અનુચિત રુપ વિષય પરત્વે ઘૃણા રાખે છે (જુગુપ્સા) તથા (૮) પોતાના અને બીજાના કાર્યથી વિસ્મિત થાય છે (વિસ્મય) આમ અભિનવગુપ્તે, ભરતમુનિ નિરુપિત સ્થાયી ભાવોના ક્રમમાં તર્કસંગતતા આણવાનો પ્રયત્ન કર્યો છે.

કેટલાક આચાર્યોએ સ્થાયી ભાવોને સુખદુઃખાત્મક, ઇચ્છા-દ્વેષાત્મક, બુધ્ધિ તેમજ પ્રયત્નના વર્ગમાં વિભાજિત કરવાનો પણ પ્રયત્ન કર્યો છે. પ્રથમ ચાર - રતિ, હાસ, ઉત્સાહ તેમજ વિસ્મય - સુખાત્મક તથા ઇચ્છાત્મક અને બીજા ચાર - ક્રોધ, શોક, જુગુપ્સા તથા ભય - દુખાત્મક તેમજ દ્વેષાત્મક છે. બુધ્ધિ (બોધ) અને યત્ન તો યથાયોગ્ય સર્વ સ્થાયી ભાવોમાં મળે છે.

<u>સ્થાયી ભાવોનું સ્વરુપ-વિશ્લેષણ</u>

પ્રત્યેક સ્થાયી ભાવની વ્યુત્પત્તિ તેમજ કોશગત અર્થ તથા ભરતમુનિ અને અન્ય આચાર્યોએ તેના આપેલા લક્ષણોના આધારે સ્થાયી ભાવોનું સ્વરુપ વિશ્લેષણ આ પ્રમાણે આપી શકાય.

<u>(૧) રતિ</u>

'રતિ' શબ્દના મૂળમાં 'રમ્' ધાતુ છે જેમાં ભાવે ક્તિન્ પ્રત્યયના યોગથી રતિ શબ્દની વ્યુત્પત્તિ થાય છે.

'રમ્' ધાતુના નિમ્નલિખિત અર્થ આપ્ટેના કોશમાં આપવામાં આવ્યા છે.

(૧) પ્રસન્ન અથવા આનંદિત થવું, મોદ કરવો, સન્તુષ્ટ થવું (૨) કોઇ પરત્વે મોદ પ્રગટ કરવો, કોઇનાથી પ્રસન્ન થવું, કશાકમાં આનન્દ લેવો, કોઇની ચાહના કરવી (૩) ક્રીડા કરવી, કેલિ કરવી, લાડ કરવા, કિલ્લોલ કરવો, દિલ બહેલાવવું (૪) સંભોગ કરવો (૫) રોકાવું, અટકી જવું (૬) વિરમવું, શાન્ત રહેવું (૭) હર્ષિત કરવું, આનન્દિત કરવું.

મોનિયર વિલિયમ્સના કોશમાં 'રમ્' ધાતુનો પ્રયોગ મોટે ભાગે આ અર્થમાં ઋગ્વેદ, મહાભારત, છાન્દોગ્ય ઉપનિષદ્, પાણિનિ -અષ્ટાધ્યાયી હરિવંશ પુરાણ વિગેરેમાં દર્શાવવામાં આવ્યો છે.

(૧) ઇન્દ્રિય સુખ, આનંદ, પરિતૃપ્તિ, આલ્હાદ (મહાભારત, શિશુપાલ વધ) (૨) અભિરુચિ, સમર્પણ અથવા અનુરાગ, વિષય-સુખ (મહાભારત, ભાગવત, ઋગ્વેદ, કુમારસમ્ભવ) (૩) પ્રેમ, સ્નેહ (સાહિત્યદર્પણ) (૪) ભોગ-વિલાસ (માર્કણ્ડેય પુરાણ) (૫) સંભોગ કર્મ (૬) રતિદેવી (૭) પુદેન્દુ, સ્મર-મન્દિર (૮) વિરામ (૯) સ્થાયી ભાવ.

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં રતિને પ્રમોદાત્મક ભાવ કહયો છે પરંતુ અભિનવગુપ્તે 'શૃંગાર નામ ભવતી રતિસ્થાયિભાવ પ્રભવ: ઉજ્જ્વલ વેશાત્મક'' અને '' સ ચ સ્ત્રીપુરુષહેતુક ઉત્તમ યુવ પ્રકૃતિ: '' એમ કહી નિમ્નલિખિત અભિપ્રાય ઉપસ્થાપિત કર્યા છે.

(૧) આસ્વાદન કરવામાં આવતી રતિજ મુખ્યપણે શૃંગાર છે. રતિનું આસ્વાદન કરનારા (સામાજિકો) ધ્વારા તે (રતિના ઉપભોગ) માં વિશેષપણે આસક્ત (નાયકાદિ) શૃંગારી કહેવાય છે.

(૨) સુરતિ-ક્રીડા રતિ છે. તે વાસ્તવમાં કામીજનોમાં હોય છે. અન્યોની (સામાજિકાદિની) તો તેની અનુભૂતિ અથવા સંવિત્ જ પરમ ભોજ્યરુપ છે.

(૩) 'ઉત્તમ' પદથી ભરતમુનિનો આશય ઉત્તમ સંવેદનશક્તિ અને 'યુવ' પદથી સમાન યુવાવસ્થા છે. ઉત્તમ અને યુવ ન હોવાથી રતિ સ્થિર નથી હોતી/રહેતી.

'વેશ:' પદ વડે તેમણે ભરતમુનિનો આશય 'વિભાવ અને અનુભાવ તથા વ્યભિચારી ભાવ' ગ્રહણ કર્યો છે. અભિનવગુપ્તના મતે વેષ એ છે જે ચિત્તવૃત્તિને અન્યત્ર વ્યાપ્ત કરે છે અર્થાત્ પોતાના બંધન ધ્વારા રસમાં સંક્રાન્ત કરે છે તે વિભાવ અનુભાવરુપ વેષ હોય છે અને જે સ્થાયી ભાવમાં વ્યાપ્ત હોય છે તે સંચારી 'વ્યભિચારી' ભાવ પણ વેષ કહેવાય છે. ઉજ્જ્વળથી આશય તેની ઉત્કૃષ્ટતા છે.

બૌદ્ધ દાર્શનિક પ્રસંગે 'રાગ' ને મનનો સહાયક અને ચૈતસિક ધર્મ કહયો છે.

અગ્નિપુરાણમાં સુખના મનોનુકૂળ અનુભવને રતિ કહેવામાં આવી છે. દશરુપકકારે રતિને 'પ્રમોદાત્મા' કહી તેને પરસ્પર અનુરકત વ્યકિતઓમાં ઉદ્ભવતી બતાવી છે જે પ્રહૃષ્યમાણા હોય છે. આચાર્ય હેમચંન્દ્રે પોતાના કાવ્યાનુશાસનમાં 'પરસ્પર આસ્થાબન્ધાત્મિકા રતિ:' એવી પરિભાષા આપી છે અને તેમાં જુગુપ્સા, આલસ્ય, ઔગ્ર્ય સંચારી ભાવોને સંભોગાવસ્થામાં વર્જિત બતાવ્યા છે. નાટ્યદર્પણકારના મત પ્રમાણે રતિ 'આસ્થાવત્ પ્રેમબન્ધરુપ' છે અને 'અભિલાષ રતિ'થી ભિન્ન છે. વસ્તુઓ પરત્વે રતિ 'પ્રીતિ રતિ' તે સંચારી ભાવ છે. રસાર્ણવ સુધાકરમાં 'બે યુવાન વ્યકિતઓની પરસ્પર સ્થાયીની ઇચ્છા' ને રતિ કહેવામાં આવી છે અને તેને નિસર્ગેણ, અભિયોગેન, અભિમાનત: (સ્નેહ પ્રેમ વિગેરે આરોપણી) ઉપમાથી (સાદૃશ્યથી) અને અધ્યાત્મ (આત્મા) થી ઉત્પન્ન દર્શાવવામાં આવી છે. સાહિત્યદર્પણમાં 'પ્રિયવસ્તુ પ્રતિ મનનું પ્રવણ (ઉન્મુખ તત્પર) થવું તેને રતિ સંજ્ઞા આપવામાં આવી છે. રસતરંગિણીકાર ભાનુદત્તે ઇષ્ટવસ્તુની સ્પૃહાથી ઉત્પન્ન અપૂર્ણ મનોવિકારને રતિ કહી છે જે કયારેક દર્શનથી તો કયારેક શ્રવણથી કે સ્મરણથી ઉત્પન્ન થાય છે.

ભોજે શૃંગારપ્રકાશ તથા સરસ્વતી-કંઠાભરણ ગ્રંથોમાં રતિના આઠ પ્રકાર માન્યા છે. નૈસર્ગિકી, સાંસર્ગિકી, આભિયોગિકી, આધ્યાત્મિકી, ઔપમાનિકી, વૈષયિકી, સાંપ્રયોગિકી અને આભિમાનિકી. ભોજે પ્રીતિને સામ્પ્રયોગિકી રહિત તેમજ આભ્યાસિકી સહિત અને રતિની જેમ અન્ય ભેદોથી યુકત આઠ પ્રકારની કહી છે.

શારદાતનયે ભાવપ્રકાશનમાં કેટલાક પરિવર્તન સાથે ભોજનું અનુસરણ કર્યું છે. રતિના રતિ અને પ્રીતિ એવા બે ભેદ પાડી રતિ અને પ્રીતિના સાત સાધારણ ભેદ-નૈસર્ગિકી, સાંસર્ગિકી, ઔપમાનિકી, આભિયોગિકી, આધ્યાત્મિકી, આભિમાનકી, તથા વૈષયિકી - એક સાથે ગણાવ્યા છે. પુન: સામ્પ્રયોગિકી અને આભ્યાસિકી ભેદોને અનુક્રમે રતિ અને પ્રીતિથી સંબંધિત દર્શાવ્યા છે. શારદાતનયે કાવ્યાત્મક રતિને સત્વગુણમાં સ્થિત કહી છે અને લૌકિક રતિને રજોગુણથી અનુગૃહીત માની છે.

વાત્સ્યાયને કામસૂત્રમાં રતિ અને પ્રીતિને પર્યાયવાચી કહયા છે. તેમણે રતિને સામ્પ્રયોગિકી તથા પ્રીતિને આભ્યાસિકી કહી છે તથા પ્રીતિના ચાર ભેદ બતાવ્યા છે. (૧) આભ્યાસિકી, (૨) આભિમાનિકી (૩) સામ્પ્રત્યયાત્મિકા અને (૪) વિષયાત્મિકા.

રસગંગાધરમાં સ્ત્રી-પુરુષની એક બીજાની પરત્વે પ્રેમ નામની જે ચિત્તવૃત્તિ હોય છે તેને રતિ નામક સ્થાયી ભાવ કહયો છે. પરંતુ ગુરુ, દેવતા અથવા પુત્ર પરત્વેના પ્રેમને સંચારી ભાવ કહયો છે.

ઉપરોક્ત વિવરણના આધારે રતિનું લક્ષણ આ પ્રમાણે નિરુપી શકાય. રતિ પ્રમોદાત્મક, મન-અનુકૂળ, સુખ-અનુભાવાત્મક, પરસ્પરાસ્થાબન્ધાત્મક મનની પ્રેમ નામ્ની પ્રવૃત્તના અથવા ઇચ્છાનું નામ છે જે નિસર્ગ, મનોનિવેશ, સંસર્ગ, અભિમાન ઉપમા (સાદૃશ્ય) સ્વરુપ તથા 'આધ્યાત્મ' વડે સપ્તધા ઉત્પન્ન થાય છે. વ્યક્તિઓમાં સાંપ્રાયોગિક અથવા પારસ્પરિક ન હોવાથી તે પ્રીતિ કહેવાય છે જે સંચારી ભાવ બને છે.

'અભિજ્ઞાન શાકુન્તલ'માં અભિમાનિકી રતિનું ઉદાહરણ નીચેના પદ્યમાં મળે છે.

ન નમયિતુ મધિજ્યમસ્મિ શક્તો
ધનુરિદ માહિત સાયકં મૃગેષું ।
સહવસતિમુપેત્ય યૈ: પ્રિયાયા:
કૃત ઇવ મુગ્ધવિલોકિતોપદેશ: ॥
(અભિ.શા. ૨/૩)

'માલતી માધવ'માં અભિયોગિકી રતિનું ઉદાહરણ નીચેના પદ્યમાં મળે છે.

યાન્ત્યા મુહુર્વલિતકન્ધર માનનં -
દાવૃત્તવૃન્ત શત પત્રનિભં વહન્ત્યા ।
દિગ્ધોઽમૃતેન ચ વિષેણ ચ પક્ષ્મલાક્ષ્યા
ગાઢં નિખાત ઇવ મે હૃદયે કટાક્ષ: ॥
(માલતી માધવ ૧/૩૦)

-અભિજ્ઞાન શાકુંતલ'માં આધ્યાત્મિકી રતિનું ઉદાહરણ નીચેના પદ્યમાં મળે છે.

કા સ્વિદવગુણ્ઠનવતી નાતિ પરિસ્ફુટ શરીરલાવણ્યા ।
મધ્યેતપોધનાનાં કિસલયમિવ પાણ્ડુ પત્રાણામ્ ॥
(અભિ.શા. ૫/૧૩)

'ઉત્તરરામચરિત'માં આભિમાનિકી રતિનું ઉદાહરણ નીચેના પદ્યમાં મળે છે.

અદ્વૈતં સુખદુ:ખયોરનુગતં સર્વાસ્વવસ્થાસુ ય -
દ્વિશ્રામો હૃદયસ્ય યત્ર, જરસા યસ્મિન્નહાર્યો રસ: ।
કાલેનાવરણાત્યયાત્પરિણતે યત્પ્રેમસારે સ્થિતં,
ભદ્રં તસ્ય સુમાનુષસ્ય કથમપ્યેકં હિ તત્પ્રાર્થ્યતે ॥
(ઉ.રા.ચ. ૧/૩૯)

'ઉત્તરરામચરિત' માં જ સામ્પ્રયોગિકી રતિનું ઉદાહરણ નીચેના પદ્યમાં મળે છે.

કિમપિ-કિમપિ મન્દં મન્દમાસક્તિયોગા -
દવિરલિતકપોલં જલ્પતોરક્રમેણ ।
અશિથિલપરિરમ્ભ વ્યાપૃતૈકૈકદોષ્ણો -
રવિદિતગતયામા રાત્રિરેવ વ્યરંસીત્ ॥
(ઉ.રા.ચ. /૧/૨૭)

## (૨) હાસ

'હાસ'ના મૂળમાં હસ્ ધાતુ છે. જેમાં ભાવે ઘઞ્ પ્રત્યયના યોગથી હાસ ભાવવાચક સંજ્ઞા સિધ્ધ થાય છે.

આપ્ટે ને મોનિયર વિલિયમ્સના શબ્દકોશમાં હસ્ ધાતુના નિમ્નલિખિત અર્થ મળે છે.

(૧) હસવું, મુદુતાપૂર્વક સ્મિત કરવું (ગીતા) (૨) મજાક કરવી, ઠઠ્ઠા-મશ્કરી કરવી (મહાભારત, રામાયણ) (૩) સમધિક હોવું, ઉત્તમ હોવું (કાવ્યાદર્શ) (૪) ખિલવું વિકસવું, ફુલવું (કુલવયાનન્દ) (૫) ઠઠ્ઠા-મશ્કરી (૬) ચમકવું, સ્પષ્ટ કરવું.

'હાસ'ના નિમ્નલિખિત અર્થ ઉપરોક્ત કોશોમાં મળે છે.

(૧) હાસ્ય, હસાવવું, સ્મિત કરવું, સ્મિત (ઋગ્વેદ પ્રસન્ન રાઘવ)

(૨) આનન્દપ્રમોદ (ઋગ્વેદ) ખુશી, હુલાસ, ચુહલ (ઋગ્વેદ) (૩) હાસ્ય રસનો સ્થાયી ભાવ (૪) વિકાસ, ખિલવું (૫) ગર્વ ઉદણ્ડતા (ભાગવત પુરાણ)

ભરતમુનિએ પારકાની ચેષ્ટાનું અનુકરણ, ઠગબાજો, અસંબંધ્ધ વાતચીત, દોષ જોવાની વૃત્તિ, મુર્ખતા વિગેરે કારણોથી હાસ પેદા થાય છે એવું વિધાન કર્યુ છે. તેને હાસ્ય રસનો સ્થાયી ભાવ ગણી તેની ઉત્પત્તિ વિકૃતિ-પર-વેશાલંકર-ધાર્ષ્ટ્ય-લૌલ્ય-કુહક-અસત્પ્રલાપ - વ્યંગદર્શન દોષોદાહરણાદિ વિભાવોથી માની છે.

અભિનવગુપ્તે વિકૃત વેષ અને અલંકારનો અર્થ 'દેશ-કાળ-સ્વભાવ-આયુ તથા દશાનું વૈપરીત્ય' દર્શાવ્યો છે. 'પર' પદનો અર્થ તેઓ 'અન્યથી સંબંધિત હોવું' એવો કરે છે તથા 'આદિ' શબ્દ વડે તેઓ તત્તત્ દોષોનો સંકલ્પ, સ્મૃતિ વિગેરે અર્થ ગ્રહણ કરે છે.

દશરુપકકાર ધનંજય હાસને પોતાના અથવા અન્યના વિકૃત આકૃતિ વાણી તથા વેષથી પેદા થતો માન્યો છે. અગ્નિપુરાણમાં હર્ષ આદિથી મનનો જે વિકાસ થાય છે તેને હાસ્ સંજ્ઞા આપી છે. હેમચંદ્રાચાર્યે ચિત્તના વિકાસને હાસ કહયો છે. ભોજે 'વ્યંગ ક્રીડા વિગેરેથી થતા ચિત્તના વિકાસને હાસ કહયો છે. નાટ્યદર્પણકારે મનની પ્રસન્નતા, ઉન્માદ વિગેરેથી ઉત્પન્ન ચિત્તના વિકાસને હાસ સંજ્ઞા આપી છે. સાહિત્યદર્પણ અનુસાર વાણી વિગેરેના વિકારો જોઇ ચિત્તનું વિકસિત થવું તેને હાસ કહયો છે. રસાર્ણવસુધાકરમાં 'વિકાસશ્ચેતસો હાસ' કહેવામાં આવ્યું છે. ભાવપ્રકાશનકારે પ્રીતિથી ચિત્તના વિશિષ્ટ વિકાસને હાસ કહયો છે, જે વિકલ્પને પ્રાપ્ત થઇ, રસને પ્રાપ્ત કરે છે. રસતરંગિણી અનુસાર કુતૂહલકૃત વચન-વેશના વૈસાદૃશ્યથી ઉત્પન્ન મનોવિકારને હાસ કહયો છે. રસગંગાધરમાં હાસની આજ પરિભાષા આપવામાં આવી છે.

ઉપરોકત વિવરણના આધારે 'હાસ' સ્થાયી ભાવનું લક્ષણ આ પ્રમાણે નિરુપી શકાય. હર્ષ-અભિમાન વિગેરે કારણોથી ઉત્પન્ન પ્રીતિપુર્વક ચિત્તના વિકાસનું નામ હાસ્ છે.

હાસ સ્થાયી ભાવનું સુંદર આલેખન શુદ્રકના 'મૃચ્છકટિક' પ્રકરણમાં શકાર અને મૈત્રેય વિદૂષકના પાત્રો દ્વારા થયું છે. જેઓ પોતાની વેશભૂષા , વાર્તાલાપ, તર્ક વિતર્ક તેમજ આંગિક અભિનય દ્વારા હાસ સ્થાયી ભાવ મૂર્તિત કરે છે. શકારનો હાસ્યવિનોદ ક્રૂર પ્રકારનો છે જ્યારે વિદૂષકનો હાસ્યવિનોદ મધુર છે. તૃતીય અંકમાં જ્યારે રદનિકા તેને ચોરોના સમાચાર આપે છે ત્યારે શબ્દોના ઉલટફેર વડે તે હાસ્ય જન્માવે છે. રદનિકા કહે છે કે 'આપણે ઘેર ખાતર પાડીને ચોર ભાગ્યો' . ત્યારે વિદૂષક કહે છે કે, 'ચોરને કોણેને ખાતર નાડ્યું ?''

### (૩) શોક

'શોક' શબ્દના મૂળમાં 'શુચ્' ધાતુ છે જેની સાથે ઘઞ્ પ્રત્યયના યોગથી શોકની વ્યુત્પત્તિ થાય છે. શુચ ધાતુના આપ્ટે તથા મોનિયર વિલિયમ્સના શબ્દકોશમાં નિમ્નલિખિત અર્થ આપવામાં આવ્યા છે.

(૧) ચમકવું, પ્રજ્વલિત થવું, દીપ્ત થવું, સળગવું (ઋગ્વેદ, બ્રાહ્મણ, આશ્વલાયન સૂત્ર ) (૨) અત્યધિક તાપ અથવા જ્વાળાથી પીડિત થવું, દુ:ખી થવું, મુદિત થવું, કોઇના માટે વિલાપ કરવો (તૈત્તરીય સંહિતા) (૩) વિલાપ કરવો, પસ્તાવું, ખેદ અનુભવવો (મહાભારત) (૪) ઉંડી ચિંતામાં ગરકાવ થઇ જવું (૫) ઉજ્જવળ અથવા પવિત્ર થવું, - ધાતુપદાવલી (૬) કિલન્ન થવું, ભીના થવું, કરમાઇ જવું, દુર્વાશિત થવું.

'શોક'ના ઉપરોક્ત કોશોમાં નિમ્નલિખિત અર્થ આપવામાં આવ્યા છે.

(૧) સળગતું, તપ્ત - અથર્વવેદ (૨) જ્વાળા, દીપ્તિ, તાપ-ઋગ્વેદ, અથર્વવેદ સામવેદ, બ્રાહ્મણ (૩) રંજ, ગમ, નુદન, વ્યથા, પીડા, દર્દ, કષ્ટ, દુ:ખ-ઋગ્વેદ (૪) વિલાપ, પશ્ચાતાપ - રઘુવંશ (૫) મુર્તિમન્ત શોક જે મૃત્યુ અથવા દ્રોહ અને અભિમતિનો પુત્ર કહેવામાં આવ્યો છે - પુરાણ (૬) કરુણ રસનો સ્થાયી ભાવ.

ભરતમુનિના કથન અનુસાર ઇષ્ટજન વિયોગ, વિભવનાશ, વધ, બન્ધન, દુ:ખાનુભવ, વિગેરે કારણોને લીધે શોક ઉત્પન્ન થાય છે. ભરતમુનિએ કરુણ રસને 'શોક-સ્થાયી પ્રભવ' એમ કહી 'રતિ સ્થાયિ-પ્રભવ શૃંગારની જેમજ નિરુપિત કર્યો છે જ્યારે અન્ય રસોને 'સ્થાયી ભાવાત્મા' નિરુપિત કર્યા છે.

દશરુપકમાં કરુણને શોકાત્મા કહ્યો છે. અગ્નિપુરાણમાં પ્રિયવસ્તુના ક્ષય આદિથી ઉદ્ભવતી મનની વિકળતાને શોક કહ્યો છે. કાવ્યાનુશાસનમાં શોકને ચિત્ત વૈધુર્યાનુ કહેવામાં આવ્યો છે. નાટ્યદર્પણમાં 'નિર્વેદાનુવિધ્ધ દુ:ખમ્ શોક' કહેવામાં આવ્યું છે. સાહિત્યદર્પણમાં અગ્નિપુરાણે આપેલી પરિભાષાનું પુનરાવર્તન જોવા મળે છે. ભાવપ્રકાશનમાં શોકને 'સર્વ ઇન્દ્રિય પરિકલેશ' કહ્યો છે. રસતરંગિણીમાં ઇષ્ટવિયોગથી ઉત્પન્ન રતિ-વિશ્લેષિત પરિમિત મનોવિકારને શોક કહેવામાં આવ્યો છે. રસગંગાધરમાં પણ શોકને 'વૈકલવ્ય' કહ્યો છે.

ઉપરોક્ત વિવરણના આધારે કહી શકાય કે શોક એ મનનું વિશિષ્ટ કર્મ છે જેમાં તે વ્યથા અથવા પીડાનુભવપર્વક પશ્ચાતાપ કરે છે. તેમાં ચેતના ખંડિત, વિહ્વળ અને પરિકિલન્ન થઇ જાય છે. તેમાં સ્મૃતિ તથા ચિન્તનનું મિશ્રણ રહે છે.

'શોક' સ્થાયી ભાવનું સુંદર આલેખન 'ઉત્તરરામ ચરિત' નાટકમાં, ત્રીજા અંકમાં વિલાપ કરતા રામની નિમ્નોકિતમાં જોવા મળે છે. - (અનુવાદ-શ્રી ઉમાશંકર જોષી)

રામ: રે રે દેવો, હૃદય તૂટતું ને ફાટે દેહબંધ
સૂનું માનું જગત, સતત પ્રજવળું અંતરે હું ।
અંધાન્ધારે વિધુર ડૂબતો ખિન્ન શું અંતરાત્મા ।
મૂર્છા ફેલે ચહુદિશ, કરું શું અરે મંદભાગ્ય ?

-(અંક ૩ શ્લોક ૩૮)

(૪) ભય

'ભય'ના મૂળમાં 'ભી' ધાતુ છે જેમાં અપાદાને 'અચ્' પ્રત્યય લાગવાથી ભયની વ્યુત્પત્તિ થાય છે.

SMT. HANSA MEHTA LIBRARY
P.ITH
5461

આપ્ટેના શબ્દકોશમાં ભી ધાતુનો અર્થ ડરવું એવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત 'ભય' શબ્દના વિવિધ અર્થો આ પ્રમાણે આપવામાં આવ્યા છે. (૧) ડર, ભીતિ, સંત્રાસ, આશંકા, વિકલવતા, ખતરો, જોખમ, સંકટ (૨) સ્થાયી ભાવ.

મોનિયર વિલિયમ્સના શબ્દકોશમાં ભયને નિર્ઋતિ અને નિકૃતિનો મૂર્તિમાન પુત્ર પણ કહેવામાં આવ્યો છે. રોગ તથા રુગ્ણતા પણ તેના અર્થ બતાવવામાં આવ્યા છે.

ભરતમુનિએ સ્ત્રીઓ તથા હલકી પ્રકૃતિના પુરુષ પાત્રોમાં ભય સંભવે છે એવું વિધાન કર્યું છે. તેમના કથન અનુસાર ગુરુ કે રાજાનો અપરાધ, સૂનું ઘર, જંગલ, પર્વત, ગુફા, હાથી, સાપનું દર્શન, ઠપકો, અરણ્ય, ચોમાસાનો દહાડો, રાત્રિનો અંધકાર, ઘુવડ (અને બીજાં) રાત્રે ફરતાં પ્રાણીઓના અવાજનું શ્રવણ વિગેરે કારણોને લીધે ઉત્પન્ન થાય છે.

અગ્નિપુરાણમાં 'ચિત્ત વૈકલવ્ય' ને ભય સંજ્ઞા આપવામાં આવી છે. કાવ્યાનુશાસન તથા નાટ્યદર્પણમાં પણ ચિત્તના વૈકલવ્યને ભય કહ્યો છે. સાહિત્યદર્પણ અનુસાર રૌદ્રશક્તિથી ઉત્પન્ન ચિત્તવૈકલવ્ય ભય કહેવાય છે. રસાર્ણવ સુધાકરમાં 'ચિત્તના અતીવ ચાંચલ્ય'ને ભય સંજ્ઞા આપવામાં આવી છે. ભાવપ્રકાશનમાં શારદાતનય જણાવે છે તેમ - 'ञि भी भये' અર્થાત્ પ્રાય: ભી ધાતુ ભયવાચક છે. વિદ્વાન 'ભય' શબ્દનો અર્થ ચાલવું એવો કરે છે. બિભેતિ ભાયયતિ અન્યાયન્ કર્મણા ઇતિ ભયમ્ અર્થાત્ અનુક્રમે જે ડરે છે અને જે કર્મથી અન્યોને ચલાવે (ડરાવે) તેને ભય કહે છે. 'કશ્ચિચ્ચલતિ ચાલ્યતે ચ' અર્થાત કોઇપણ ભાવથી કોઇ ચાલે છે અને તેના હેતુથી ચલાવવામાં આવે છે એટલે ભય ચલનાત્મક હોય છે. તદાનુસાર ડરે અથવા ડરાવે એટલે કે સ્વયં ચાલે અને બીજાને ચલાવે (ચંચળ કરે) તે ચલનાત્મક ભાવ 'ભય' છે.

રસતરંગિણીકાર ભાનુદત્તે અપરાધ, વિકૃતરવ તથા વિકૃત પ્રાણીથી ઉત્પન્ન અપરિપૂર્ણ મનોવિકારને ભય કહ્યો છે. રસગંગાધરમાં ભયને ચિત્ત વૈકલવ્ય કહ્યો છે, જે વ્યાઘ્રદર્શનાદિજન્મા પરમાનર્થ વિષયક હોય છે.

ઉપરોક્ત વિવરણના આધારે કહી શકાય કે ચેતનાના પરમ અનર્થ વિષયક વૈકલવ્યથી મનના અતિ ચાંચલ્યને ભય કહેવામાં આવે છે.

'અભિજ્ઞાન શાકુન્તલ' નાટકના પ્રથમ અંકમાં રાજા દુષ્યન્તના મુખે મુકાયેલું ભયભીત મૃગબાળનું વર્ણન 'ભય' સ્થાયીભાવ તથા ભયાનક રસનું ઉત્તમ ઉદાહરણ છે. (અનુવાદ: શ્રી ઉમાશંકર જોશી)

રાજા: ગ્રીવાભંગે રૂપાળે વળી વળી દગ પૂંઠે ધપંતા રથે દે,
પેઠેલો પૂર્વકાયે શરપતનભયે પૂંઠભાગેથી ઝાઝો,
દર્ભો ચાવેલાં અર્ધાં શ્રમવિવૃત મુખેથી સર્યાં વેરી માર્ગે,
જો, જો, લાંબીઈ ફલંગે નભ મહીં ઘણું તો દોડતો, અલ્પભોમે ।

અંક -૧ શ્લોક-૭

(૫) ઉત્સાહ

'ઉત્સાહ'માં ઉત્ ઉપસર્ગપૂર્વક 'સહ્' ધાતુ છે જેમાં ભાવે 'ઘઞ્' પ્રત્યયના યોગથી ઉત્સાહની વ્યુત્પત્તિ થાય છે.

'ઉત્સહ્' ધાતુના નિમ્નલિખિત અર્થ આપ્ટે અને મોનિયર વિલિયમ્સના શબ્દકોશોમાં મળે છે.

(૧) સહેવું, ભોગવવું, ગમ ખાવો - તૈત્તરીય સંહિતા, ઐતરેય બ્રાહ્મણ (૨) સમર્થ હોવું, તુલ્ય હોવું, ક્ષમતા કરવી - મહાભારત, રામાયણ (૩) શક્તિ અથવા સાહસ વડે કાર્ય કરવું - મહાભારત, રામાયણ (૪) આનંદિત કરવું, ખિન્ન ન થવું, હાર માની બેસી ન રહેવું (૫) નિષ્ક્લેશ અનુભવ કરવો, ચેન-સુખનો અનુભવ કરવો - કુમારસંભવ (૬) આગળ વધવું, આગળ વધતાં રહેવું - કિરાતાર્જુનીયમ્ (૭) યત્ન કરવો, પ્રચલિત થવું, પહેલ કરવી - કિરાતાર્જુનીયમ્.

'ઉત્સાહ' શબ્દના નિમ્નલિખિત અર્થ ઉપરોક્ત કોશોમાં મળે છે.

(૧) પ્રયત્ન, પરિશ્રમ, પ્રયાસ - ભાગવતપુરાણ (૨) ઉર્જા, પ્રવૃત્તિ, ઇચ્છા-રામાયણ (૩) ઉદ્યોગ, ધુન, પ્રયત્નાદિ, રાજાની ત્રણ શક્તિઓમાંની એક - કુમારસંભવ (૪) દૃઢ સંકલ્પ, દૃઢ ઇરાદો - અમરુક શતક (૫) શક્તિ, ક્ષમતા-મનુસ્મૃતિ (૬) સ્થૈર્ય અથવા ધીરતા, શક્તિ (૭) વીર રસનો સ્થાયી ભાવ (૮) સુખ-વૈતાલપંચવિંશિકા (૯) ઔદ્ધત્ય.

ભરતમુનિએ ઉત્સાહને ઉત્તમ પ્રકૃતિ કહયો છે અને વિષાદનો અભાવ, શક્તિ, ધૈર્ય, શૌર્ય વિગેરે કારણોથી ઉત્પન્ન થતો માન્યો છે. અભિનવગુપ્તે ઉત્તમ પ્રકૃતિની બે પ્રકારે વ્યાખ્યા કરી છે. (૧) ઉત્તમજનોનો સ્વભાવ (૨) કાવ્યો યા નાટકમાં જે (પુરુષ) ઉત્તમ પ્રકૃતિનો હેતું છે.

બૌદ્ધ દાર્શનિક અસંગે પરાક્રમને મનનો સહાયક ચૈતસિક ધર્મ કહયો છે તથા પ્રયત્નને મનનું વિશિષ્ટ ધર્મ કહયું છે. એટલે 'ઉત્સાહ' પરાક્રમયુક્ત કર્મ હોવાથી ચૈતસિક ધર્મયુક્ત મનનું કર્મ કહી શકાય.

અગ્નિપુરાણમાં હૃદયમા ઉત્પન્ન પૌરુષને ઉત્સાહ કયો છે. કાવ્યાનુશાસનમાં 'સંરંભ: સ્થેયાન્ ઉત્સાહ: કહેવામાં આવ્યું છે. નાટ્યદર્પણમાં ધર્મ-દાન, યુદ્ધાદિ કર્મમાં 'અન્ આલસ્ય'ને ઉત્સાહ કહયો છે. રસાર્ણવ સુધાકરમાં શક્તિ, ધૈય, સહાય વિગેરે શ્લાધ્ય ફળો માટે કર્મોમાં જોડાનારો 'સત્વરા માનસી વૃત્તિ: ઉત્સાહ કહેવામાં આવી છે. સાહિત્યદર્પણમાં કાર્ય કરવામા સ્થિરતર તથા ઉત્કટ આવેશ (સંરમ્ભ) ને ઉત્સાહ કહયો છે. ભાવપ્રકાશનમાં 'ઉત્તન્દ્રતા અભિભવની અન ઉત્સાહ' કહેવામાં આવ્યું છે. જે સ્વયં અધિક સહે અથવા સહન કરાવે અથવા બંને સહન કરે તે ઉત્સાહનો નિર્વેહ છે. રસતરંગિણીમાં શૌર્ય, દાન, દયાથી અત્યતમદ્ભુત જે પરિમિત મનોવિકાર છે તેને ઉત્સાહ કહયો છે. રસગંગાધરમાં તેને પર પરાક્રમ તથા દાનાદિના સ્મરણથી ઉત્પન્ન 'ઉન્નતતા' નામક ચિત્તવૃત્તિ કહેવામાં આવી છે.

ઉપરોક્ત વિવરણના આધારે કહી શકાય કે પરાક્રમયુક્ત ચૈતસિક ધર્મની સાથે મનની પ્રત્યેક સ્થિતિમાં ઉદ્યોગરત રહેવું તેને ઉત્સાહ કહે છે. એટલે ઉત્સાહ એક તરફ ચૈતસિક ધર્મ પણ છે અને બીજી તરફ મનનું વિશિષ્ટ કર્મ પણ છે.

'ઉત્સાહ' સ્થાયી ભાવની એક અદ્ભૂત છટા, વેણીસંહાર નાટકના પ્રથમ અંકમાં ભીમની નિમ્નોક્તિમાં જોવા મળે છે.

ભીમ: પરસ્પર ટકરાવવાથી ક્ષતવિક્ષત હાથીઓનાં રક્ત, ચરબી, માંસ અને મસ્તિષ્કના કીચડમાં ડૂબેલા રથો ઉપર પગ મુકી પરાક્રમ પ્રદર્શિત કરી રહેલી પાયદળની સેના જેમાં છે તેવા, વિપુલ રુધિરની પાનગોષ્ઠિમાં ચીસો પાડતી અમંગળકારી શૃગાલ્ય રૂપી તુરહી ઉપર નાચી રહેલા ધડોવાળા યુદ્ધરૂપી અનુપમ-સાગરના મધ્ય-જળમાં વિચરણ કરનારા પાણ્ડુપુત્રો પ્રવીણ છે. (અંક-૧ શ્લોક ૨૭)

## (૬) ક્રોધ

'ક્રોધ'ના મૂળમાં ક્રુધ્ ધાતું છે જેની સાથે ભાવે ઘગ્ પ્રત્યયના યોગથી ક્રોધની વ્યુત્પત્તિ થાય છે. 'ક્રુધ્' ધાતુના શબ્દકોશમાં આ પ્રમાણે અર્થ આપવામાં આવ્યા છે.

(૧) કોપ કરવો, કુપિત થવું, રોષ કરવો, આક્રુષ્ટ થવું, અપ્રસન્ન થવું. 'ક્રોધ' શબ્દના વિવિધ અર્થો આપ્ટેના શબ્દકોશમાં આ પ્રમાણે આપવામાં આવ્યા છે.

(૧) ગુસ્સો, આક્રોશ, તામસ, કોપ-વાજસનેયી સંહિતા, અમરકોશ ભગવદ્ગીતા

(૨) ચૌદ રસનો સ્થાયી ભાવ.

મોનિયર વિલિયમ્સે ક્રોધને વિષ્ણુ પુરાણમાં લોભ અને નિકૃતિ અથવા બ્રહ્માના પુત્ર રુપે વર્ણવવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. અર્થાત્ તે લોભની સાથે સ્વાર્થની અસફળતાથી ઉત્પન્ન મૂળ ભાવ છે. આપ્ટેના મત પ્રમાણે તે લલકાર અને અહંકારાત્મક તામસિક ભાવ છે.

ભરતમુનિના કથન અનુસાર આધર્ષણ (તિરસ્કાર, અપમાન, બળાત્કારે પીડા) ખેંચતાણ, કજિયો, વિવાદ, પ્રતિકૂળ વ્યક્તિઓ અથવા પદાર્થોથી ક્રોધ ઉત્પન્ન થાયછે અને તે

પાંચ પ્રકારનો ગણાયો છે (૧) રિપુજ - શત્રુઓથી પેદા થતો (૨) ગુરુજ-ગુરુઓથી પેદા થતો (૩) પ્રણયિભવ અર્થાત પ્રણયીઓથી પેદા થતો (૪) ભૃત્યજ-નોકરોથી પેદા થતો તથા (૫) કૃતક અર્થાત બનાવટી.

બૌદ્ધ દાર્શનિક અસંગે ક્રોધને મનનો સહાયક કહયો છે તથા તેને ચૈતસિક ધર્મરુપે સ્વીકાર્યો છે.

દશરુપકમાં ક્રોધને ક્ષોભાત્મક રૌદ્રનો પરિપોષક કહયો છે. અગ્નિપુરાણમાં કોઇ પ્રતિકુળ પરિસ્થિતિમાં પ્રબોધિત તીક્ષ્ણતાને ક્રોધ કહેવામાં આવ્યો છે. કાવ્યાનુશાસનમાં પણ 'તૈક્ષ્ણ્યપ્રબોધ:ક્રોધ:' કહેવામાં આવ્યું છે. નાટ્યદર્પણમાં અપકાર તથા ધૃણાથી ઉત્પન્ન પરિતાપના આવેશને ક્રોધ કહયો છે. રસાર્ણવસુધાકરમાં 'ચિત્તજ્વલનં ક્રોધ:' કહેવામાં આવ્યું છે. તે ઉપરાંત ક્રોધને દુરજનોમાં, કોપને વીર જનોમાં અભ્યર્થનાવધિ સુધી તથા રોષને સ્ત્રીપુરુષોમાં અને વિશેષપણે સ્ત્રીઓમાં આશ્રિત કહયો છે. સાહિત્યદર્પણમાં શત્રુઓ પરત્વે તીવ્રતાના ઉદ્બોધને ક્રોધ કહેવામાં આવ્યો છે. ભાવપ્રકાશનમાં ક્રોધને તેજસ્નો જનક કહયો છે અને 'ક્રોધ, કોપ અને રોષ' એવા તેના ભેદ બતાવવામાં આવ્યા છે. રસતરંગિણીકાર ભાનુદત્તે અવજ્ઞા વિગેરેથી ઉત્પન્ન પ્રમોદ પ્રતિકુળ મનોવિકારને ક્રોધ કહયો છે. પંડિતરાજ જગન્નાથે પણ ગુરુબન્ધુ-વધ આદિ પરમાપરાધથી ઉત્પન્ન પ્રજ્વલન નામક ચિત્તવૃત્તિને ક્રોધ કહયો છે.

ઉપરોક્ત વિવરણના આધારે કહી શકાય કે સ્વાર્થમાં પ્રતિકુળતા જોઇ અહંના આવેશપૂર્વક પ્રબોધિત તૈક્ષ્ણ્યને અથવા ચેતનાના પ્રજ્વલનને ક્રોધ કહે છે.

ભવભૂતિ કૃત 'મહાવીરચરિત' નાટકના તૃતીય અંકમાં રૌદ્ર રસની પ્રધાનતા હોવાથી તેમાં ક્રોધ સ્થાયી ભાવનું આલેખન જોવા મળે છે..ક્ષત્રીઓને બાવીસણી વાર સંહાર કરવાની દૃઢપ્રતિજ્ઞા પરશુરામ લે છે ત્યારે વિશ્વામિત્ર બોલે છે તે ક્રોધ સ્થાયી ભાવનું ઉદાહરણ બને છે.

વિશ્વામિત્રઃ અરે તમે શું એમ સમજો છો કે આ સંસાર બ્રહ્મતેજ વિહિન થઇ ગયો છે અથવા શસ્ત્રોનું સામર્થ્ય સમાપ્ત થઇ ગયું છે. તમે બ્રાહ્મણો ઉપર, ક્ષત્રિયો ઉપર આક્ષેપો કર્યે જાવ છો, રામ પરત્વે તમારો નિશ્ચય કઠોર છે, તમે મર્યાદાનું ઉલ્લંઘન કરી અમને સંતાપો રહયા છો એટલે ક્રોધને કારણે મારો જમણો હાથ શાપોદકને તથા ડાબો હાથ પૂર્વસંસ્કારવશ ધનુષ શોધી રહયો છે.

(૭) જુગુપ્સા

'જુગુપ્સા'ના મુળમાં 'ગુપ્' ધાતુ છે જેમાં ઇચ્છાર્થક 'સન્' પ્રત્યયની સાથે સ્ત્રી પ્રત્યય 'ટાપ્'ના યોગથી જુગુપ્સાની વ્યુત્પત્તિ થાય છે.

'ગુપ્' ધાતુના નિમ્નલિખિત અર્થ આપ્ટે તેમજ મોનિયર વિલિયમ્સના શબ્દકોશમાં આપવામાં આવ્યા છે.

(૧) ચોકી કરવી, રક્ષા કરવી, પ્રતિરક્ષા કરવી, સાચવીને રાખવું-ઋગ્વેદ અર્થર્વવેદ (૨) છુપાવવું, લુપ્ત કરવું - અમરુકશતક (૩) હેય સમજવું, બચાવવું, ઘૃણા કરવી, તિરસ્કાર કરવો, નિન્દા કરવોનભટ્ટિ કાવ્ય, સિધ્ધાંત કૌમુદી (૪) વિભ્રમતિ થવું, ઉલઝનમાં પડવું, ક્ષુબ્ધ થવું.

ઇચ્છાર્થક આ ધાતુના નિમ્નલિખિત અર્થો કોશમાં પ્રાપ્ત થાય છે. (૧) આત્મરક્ષાનો ઉપાય શોધવો (૨) સાવધ રહેવું, આત્મરક્ષા કરવી - સાખ્યગૃહ સુત્ર - છાન્દોગ્ય ઉપનિષદ્ (૩) સચેત રહેવું, બચીને રહેવું, ટાળવું, ઘૃણા કરવી, તિરસ્કાર કરવો, હડરાવવું, દૂર ભાગવું-મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, મહાભારત (૩) ક્રુધ્ધ થવું. અપમાન માનવું, અથવા આક્ષિપ્ત સમજવું - મહાભારત.

જુગુપ્સાના નિમ્નલિખિત અર્થ આપ્ટે તેમજ મોનિયર વિલિયમ્સના કોશમાં મળે છે.

(૧) ઘૃણા, અપ્રીતિ, વિરુચિ, દ્વેષ, વેર, વિરોધ-મહાભારત, પંચતંત્ર

(૨) નિન્દા, ગર્હા, કુત્સા (૩)બીભિત્સ રસનો સ્થાયી ભાવ

ભરતમુનિએ જુગુપ્સાને સ્ત્રી તથા નીચ સ્વભાવવાળાની પ્રકૃતિથી સંબંધિત કહયો છે. તેઓએ જુગુપ્સાને અહૃદયાનુકુળના દર્શન-શ્રવણથી ઉત્પન્ન થતો માન્યો છે.

દશરૂપકમાં બીભત્સને જુગુપ્સાત્મક કહયો છે અને તેના બે ભેદ ઉદ્વેગી તથા ક્ષોભણ કહયા છે. હેમચંદ્રાચાર્યે તેને મનનો સંકોચ કહયો છે. અગ્નિપુરાણમાં જુગુપ્સાને દૌર્ભાગ્ય-વાહિના પદાર્થોના નિન્દા[1] કહયો છે. નાટ્યદર્પણમાં કુત્સિત થવાના નિશ્ચયને જુગુપ્સા સંજ્ઞા આપી છે. રસાર્ણવસુધાકરમાં મનના સંકોચને જુગુપ્સાનો ભાવ કહયો છે. સાહિત્યદર્પણમાં કોઇ ધૃણાસ્પદ વસ્તુના દોષદર્શન કે વિસ્મયથી ઉત્પન્ન ગર્હાને જુગુપ્સા કહેવામાં આવી છે. શારદાતનયે ભાવપ્રકાશનમાં ગર્હા, નિન્દા, બીભત્સા અને કુત્સાને પર્યાયવાચી કહયા છે તેમજ જે ગર્હણીય નિન્દનીય અથવા કુત્સનીય છે તે ભાવ બીભત્સ છે અને નિન્દાત્મા ચિત્તસંકોચ જ જુગુપ્સા છે એવું જણાવ્યું છે. સર્વ-ઇન્દ્રિયો માટે અર્થગર્હાજ જુગુપ્સા છે તથા જુગુપ્સા કરવી-જુગુપ્સાની ઇચ્છા સંભાવના કરે અથવા જુગુપ્સા કરાવે - આ બધા ભાવ, ભાવપ્રકાશન અનુસાર જુગુપ્સામાં અન્તર્ભૂકત છે. રસતરંગિણીકાર ભાનુદત્તે અપ્રિયદર્શન, સ્પર્શન, સ્મરણથી ઉત્પન્ન અપરિપૂર્ણ મનોવિકારને જુગુપ્સા કહી છે. પંડિતરાજ જગન્નાથે કદર્ય વસ્તુના વિલોકનથી ઉત્પન્ન વિચિકિત્સા નામની ચિત્તવૃત્તિને જુગુપ્સા કહી છે.

ઉપરોકત વિવરણના આધારે કહી શકાય કે સર્વેન્દ્રિયોના સંકોચપુર્વક મનના ઉદ્વેજન તેમજ ક્ષોભણને જુગુપ્સા કહે છે.

'માલતીમાધવ' નાટકના પાંચમાં અંકમાં આવતી માધવની નિમ્નોકિત જુગુપ્સાના આલેખનનું સુંદર ઉદાહરણ છે.

માધવ : પહેલાં (શબના) ચામડાને કાપી કાપીને, પછી મોટું શરીર હોવાથી પુષ્કળ (પ્રમાણમાં મળતું) અને અતિશય ગંધાતું તથા ખભા, કેડ, પીઠ વગેરે અવયવોમાંથી સુલભ માંસ ખાઇને કોઇ દરિદ્ર પિશાચ સ્નાયુ, અંત્ર તથા નેત્ર પકડીને, દાંત દેખાડીને, ખોળામાં રહેલ શબની નોપરીમાં રહેલું અને નીચાં ઉંચાં વિષમ સ્થાનોમાં રહેલું માંસ પણ નિરાંતે ખેસરી ખાય છે.

## (૮) વિસ્મય

વિસ્મયના મૂળમાં 'વિ' ઉપસર્ગપૂર્વક 'સ્મિ' ધાતું છે જેમાં કર્મવાચ્ય પ્રત્યય 'અચ્' નો યોગ છે.

'વિસ્મિ' ધાતુના આપ્ટે તથા મોનિયર વિલિયમ્સના શબ્દકોશોમાં નિમ્નલિખિત અર્થ મળે છે.

(૧) અચરજ, અચંબો, મહાશ્ચર્ય, સંભ્રમ, કિંકર્તવ્યવિમૂઢતા-મહાભારત (૨) ગર્વ, ઔદ્ધત્ય-મનુસ્મૃતિ, ભાગવતપુરાણ (૩) અનિશ્ચય, સન્દેહ (૩) અદ્ભુત રસનો સ્થાયી ભાવ.

ભરતમુનિના કથન અનુસાર માયા, જાદુ, મનુષ્યોમાં હેરત પમાડનાર કાર્યો (ઉત્તમ) ચિત્રકળા, રંગકામ કે કારીગરી, અદ્ભૂત શિલ્પવિદ્યા વિગેરે કારણોથી વિસ્મય ઉદ્ભવે છે. આનુવંશ્ય શ્લોકમાં વિસ્મયના મુળમાં 'અતિશયતા' અને 'હર્ષ' હોવાનું જણાવાયું છે.

દશરૂપકમાં અતિલૌકિકતાથી પરિપૂર્ણ પદાર્થોને વિસ્મયના કારણરૂપ માનવામાં આવ્યા છે. અગ્નિપુરાણમાં અતિશયો વસ્તુને જોવાથી ઉત્પન્ન ચિત્ત-વિસ્મૃતિને વિસ્મય કહયો છે. કાવ્યાનુશાસનમાં ચિત્ત વિસ્તારને વિસ્મય કહયો છે. નાટ્યદર્પણકારના મત પ્રમાણે ઉત્કૃષ્ટ હોવાના નિશ્ચયને વિસ્મય કહયો છે. રસાર્ણવસુધાકરમાં ચિત્ત વિસ્તારને વિસ્મય કહયો છે. સાહિત્યદર્પણમાં લોકસીમાથી અતિક્રાન્ત, અલૌકિક સામર્થ્યથી યુકત વસ્તુના દર્શનથી ઉત્પન્ન ચિત્તના વિસ્તારને વિસ્મય કહયો છે.

ભાવપ્રકાશનમાં ચિત્તવૈચિત્ર્યને વિસ્મય કહયો છે અને તેને ત્રિગુણાત્મક રૂપથી ત્રિધા કહી છે. વ્યુત્પત્તિ રૂપે 'જેમાં વિવિધરૂપથી હર્ષ હોય તે વિસ્મય અથવા વિશિષ્ટરૂપથી સ્વયં વિસ્માપન કરે અથવા અન્યોને કરવા પ્રેરિત કરે' તે ભાવપ્રકાશનકાર અનુસાર વિસ્મય કહેવાય છે.

રસતરંગિણીકાર ભાનુદત્તે ચમત્કારદર્શન, સ્પર્શનથી જનિત અપરિપૂર્ણ મનોવિકારને વિસ્મય કહયો છે. રસગંગાધરમાં અલૌકિક વસ્તુના દર્શન આદિથી ઉત્પન્ન વિકાસ નામક ચિત્તવૃત્તિને વિસ્મય કહી છે. તેને વિકાસાત્મક કહેવાનું કારણ એ કે તેમાં દૃષ્ટ હેતુઓથી

અસંભાવિત્વજ્ઞાનથી હેતુના સન્ધાનમાં મનોવ્યાપાર હોય છે.

ઉપરોક્ત વિવરણના આધારે કહી શકાય કે વિચિત્ર અથવા અતિશય અનુભવથી મુગ્ધ-ચેત થવાથી મનના તે વૈચિત્ર્ય અથવા અતિશયતાના હેતુ-સન્ધાનના અપૂર્ણ વ્યાપારને વિસ્મય કહે છે. એમાં અતિશયનો વિચિત્ર અનુભવજન્ય હર્ષ પણ હોય છે જેમાં ચેતનાનો વિસ્તાર પણ જોવા મળે છે.

'વિસ્મય' સ્થાયી ભાવનું આલેખન ભાસના 'અભિષેક' નાટકમાં જોવા મળે છે. સમુદ્ર બે ભાગમાં વિભક્ત થઇ માર્ગ આપે છે. વરુણદેવનું ઉપસ્થિત થઇ માર્ગ આપવો તેમાં વિસ્મયનું આલેખન છે. 'સામ્પ્રતં દ્વિધાભૂત ઇવ દૃશ્યતે જલનિધિ: ' ઉક્તિ વિસ્મયનો સંકેત કરે છે.

## ભરતમુનિની દૃષ્ટિએ સ્થાયી ભાવનું સ્વરુપ

અન્ય નાટ્યભાવોની જેમ સ્થાયી ભાવ પણ કવિના અન્તર્મનમાં સ્થિત અમૂર્ત મનોભાવનારુપ કે પ્રેક્ષકની ચિત્તવૃત્તિરુપ નથી. ડો.મનોહર કાલેના હિન્દી પુસ્તક 'ભારતીય નાટ્યસૌંદર્ય' નો મુખ્ય આધાર લઇ ભરતમુનિની દૃષ્ટિએ સ્થાયી ભાવનું સ્વરુપ સ્પષ્ટ કરી આપવાનો ઉપક્રમ છે.

## સ્થાયી ભાવોના નામકરણનો આધાર

ભરતમુનિએ નાટ્યભાવો તથા નાટ્યરસો સંબંધી પારિભાષિક શબ્દાવલી તથા વર્ગીકરણ-વિભાજન' આપ્તોપદેશ' દ્વારા પ્રાપ્ત કર્યાં છે. નાટ્યભાવોના નામકરણ તથા સ્વરુપ નિર્ધારણનો મુખ્ય આધાર છે (૧) આપ્તોપદેશ તથા (૨) લોકાચાર. ભરતમુનિએ સ્વયં તેનો નિર્દેશ નીચેના ગદ્યાંશમાં કર્યો છે. (શ્લોક ૪૫ પછીનો ગદ્યખંડ)

'' યથાચ ગોત્રકુલાચારોત્પન્નાનિ આપ્તોપદેશસિદ્ધાનિ પું સાં નામાનિ ભવન્તિ તથા એવ એષાં રસાનાં ભાવાનાં ચ નાટ્યાશ્રિતાનાં ચાર્થાનાં આચારોત્પન્નાનિ આપ્તોપદેશસિદ્ધાનિ નામાનિ[1]' અર્થાત જેમ મનુષ્યના નામ તેમના ગોત્ર, કુળ, તથા આચારથી ઉત્પન્ન થાય છે અને આપ્તજનો દ્વારા તેમને નિર્ધારિત કરવામાં આવે છે તેમ નાટ્યગત રસ તથા ભાવોના નામ

'આચાર'થી ઉત્પન્ન થયા છે અને આપ્તજનો દ્વારા નક્કી કરવામાં આવ્યા છે. '' આમ નાટ્યની મોટાભાગની પારિભાષિક સંજ્ઞાઓ ભરતમુનિએ પોતે નક્કી કરી નથી પણ આપ્તોપદેશ પરંપરાથી મેળવી છે. રસ, સ્થાયી ભાવ તથા વ્યભિચારી ભાવોના નામ 'આચાર' તત્વને ધ્યાનમાં રાખી નક્કી કરવામાં આવ્યા છે. આચાર એટલે લોકાચરણ જેનું નાટ્યમાં અનુકરણ થાય છે.

આઠ સ્થાયી ભાવોના નામ છે - રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, અને વિસ્મય. આ સ્થાયી ભાવોના મૂળભૂત સ્વરુપનો માનવસ્વભાવ અને તદાનુરુપ આચરણ પધ્ધતિ સાથે સંબંધ દર્શાવવામાં આવ્યો છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં લગભગ બધાજ સ્થાયી ભાવોનો વિશિષ્ટ વ્યક્તિઓની પ્રકૃતિ તથા તેમની આચરણ પધ્ધતિ સાથે ગાઢ સંબંધ દર્શાવ્યો છે કે જેથી અભિનેતા-ગણ આ આચરણ પધ્ધતિઓનું સમુચિત અનુકરણ કરી શકે.

રતિમૂલક શૃંગારને સ્ત્રીપુંસહેતુક, ઉત્તમ યુવતિ પ્રકૃતિ: કહેવામાં આવ્યો છે. હાસ સ્થાયી-મૂલક હાસ્યને 'સ્ત્રી તથા નીચ પ્રકૃતિના લોકોમાં પ્રચુર' ક્રોધ-સ્થાયી-મૂલક રૌદ્રને 'રાક્ષસ, દાનવ તથા ઉધ્ધત મનુષ્યોની પ્રકૃતિમાં સ્થિત' ઉત્સાહમૂલક વીરને 'ઉત્તમ પ્રકૃતિના લોકોમાં પ્રાપ્ત' દર્શાવ્યો છે. બાકીના સ્થાયી ભાવોની માનવ-પ્રકૃતિગત સ્થિતિનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે જેમ કે વ્યસનસંભવશોકને સ્ત્રી તથા નીચ પ્રકૃતિગત, ભય સ્થાયીને નીચપ્રકૃતિક, જુગુપ્સાને સ્ત્રી તથા નીચ પ્રકૃતિના લોકોના સ્થાયી ભાવ ગણાવ્યો છે. આ પ્રમાણે 'વિસ્મય' સ્થાયી ભાવને બાદ કરતાં બાકીના બધા સ્થાયી ભાવોનો માનવપ્રકૃતિ તથા તેના આચાર-વ્યવહારથી સહજ સંબંધ દર્શાવવામાં આવ્યો છે.

સ્થાયી ભાવો તથા રસોના રંગમંચીય ઉપસ્થાપનમાં માનવીય આચારણ-પધ્ધતિને સવિશેષ મહત્વ આપી તેના યથાવત્ અનુકરણ ઉપર નટોએ વિશેષ ભાર મુકવો જોઇએ તેનો સંકેત ભરતમુનિના નિમ્નલિખિત વિશ્લેષણ ઉપરથી સ્પષ્ટ થાય છે.

''મુનિઓ પ્રશ્ન પુછે છે કે રાક્ષસ-દાનવોનેજ જો રૌદ્રરસથી સંબંધિત માનવાનું આપ કહો છો તો પછી શું અન્ય લોકોને રૌદ્રરસથી સંકળાયેલા ન માનવા ? તેના જવાબમાં ભરતમુનિ કહે છે કે બીજા લોકોનો પણ રૌદ્રરસ જોડે સંબંધ છે પરંતુ અહીં વાત મુખ્ય

અધિકારની છે. આ લોકો તો સ્વભાવથીજ રૌદ્ર હોય છે. તેમને ઘણા બધા હાથ અને મસ્તક હોય છે, ઉન્નત અને વિસ્તૃત પિંગલ વર્ણ કેશ હોય છે, લાલ લાલ અને પહોળી પહોળી આંખો હોય છે, રૂપ જુઓ તો ભયાનક અને શ્યામ હોય છે. તેમની આંગિક, વાચિક સર્વ ચેષ્ટાઓ રૌદ્રજ હોય છે. એટલે સુધી કે શૃંગારમાં પણ તેઓ બળાત્કાર કરે છે. રાક્ષસ અને દાનવોના સ્વભાવનું અનુકરણ કરનારા અન્ય પુરુષોને પણ રૌદ્ર રસથી સંબંધિત માનવા જોઇએ.''

અધ્યાય-૬ શ્લોક ૬૩ પછીનો ગદ્યખંડ

ઉપરોક્ત વિવરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સ્થાયી ભાવનો નાટ્યગત અર્થ અમૂર્ત ચિત્તવૃત્તિમાત્ર નથી. રતિ, શોક, ઉત્સાહ, ભય વિગેરે સ્થાયી ભાવ નાટ્યમાં અભિનયગત ક્રિયાવ્યાપાર રૂપે પારિભાષિત થતાં પહેલાં લોકમાં 'આચાર' અથવા સ્વભાવચેષ્ટાઓ રૂપે ગૃહીત હતાં. સ્થાયી ભાવના નામકરણ તેમજ અન્ય ભાવોના નામકરણનો મુખ્ય આધાર મુખ્યત્વે લોકપ્રકૃતિ અને તદાનુરૂપ આચાર તત્વ છે જેનું નાટ્યમાં અનુકરણાત્મક ઉપસ્થાપન થાય છે.

## સ્થાયી ભાવોના સ્થાયિત્વના કારણો

મુનિઓ પ્રશ્ન પુછે છે કે, - જ્યારે આપે એમ કહ્યું કે ભિન્ન ભિન્ન અર્થોના સંશ્રિત વિભાવ તથા અનુભાવોથી વ્યક્ત ઓગણપચાસ ભાવો (આઠ સ્થાયી ભાવ, તેત્રીસ વ્યભિચારી ભાવ તથાં આઠ સાત્વિક ભાવ) દ્વારા 'સામાન્ય ગુણયોગ'ના કારણે અનુક રસનિષ્પન્ન થાય છે ત્યારે એ શંકા ઉત્પન્ન થાય છે કે શા માટે કેવળ આઠ સ્થાયી ભાવોનેજ રસત્વનો અધિકાર આપવામાં આવ્યો છે ? ''

અધ્યાય-૭ શ્લોક ૭ પછીનો ગદ્યખંડ

ભરતમુનિ આ શંકાનું સમાધાન નાટ્યપ્રયોગની દૃષ્ટિએ કરે છે, આસ્વાદક પ્રેક્ષકની દૃષ્ટિએ નહી. તેઓ કહે છે કે -

'' વસ્તુસ્થિતિ એવીજ છે, કારણ કે જેમ એક સરખા લક્ષણોવાળાં પુરુષો જેમના હાથ, પગ, પેટ, શરીર વિગેરેની રચનામાં કોઇ તફાવત હોતો નથી, જેમના અંગ પ્રત્યંગ પણ

પણ બિલકુલ સમાન હોય છે, છતાં પણ તેમાંના કેટલાક કુળ, શીલ, વિદ્યા, કર્મ, શિલ્પ, આદિગત વિચક્ષણતાને કારણે 'રાજા' બની જાય છે અને બીજા જે અલ્પબુદ્ધિવાળા છે તેમના 'અનુચર' બની જાય છે તેવીજ રીતે નાટ્યમાં પણ વિભાવ, અનુભાવ તથા વ્યભિચારી ભાવ સ્થાયી ભાવના 'ઉપાશ્રિત' બની જાય છે. ઘણાં બધા ભાવોને આશ્રય આપવાને કારણે 'સ્વામી'ની જેમ સ્થાયી પણ મુખ્ય બની જાય છે. અન્ય ભાવોની સ્થિતિ, પોત પોતાના ગુણાનુરુપ, સ્થાયી ભાવની સાથે એવી રીતે આશ્રિત રહે છે જે પ્રમાણે અન્ય પુરુષો પોતપોતાના ગુણો સાથે સ્વામીનો આશ્રય લે છે. આ અન્ય ભાવમાંથી વ્યભિચારી ભાવોની સ્થિતિ 'પરિજનો' જેવી હોય છે. જો આપ પુછો કે આ વિષયમાં કોઇ દૃષ્ટાંત છે તો કહીશ કે જે પ્રમાણે એક રાજાનો ખુબ મોટો જનપરિવાર હોય છતાં રાજાની સંજ્ઞા એકજ વ્યક્તિને મળે છે પછી ભલેને તેના પરિજનોમાં અન્ય વ્યક્તિ ખુબ મહાન હોય, તે પ્રમાણે વિભાવ, અનુભાવ તથા વ્યભિચારી ભાવોથી પરિવૃત્ત' સ્થાયી ભાવનેજ રસ સંજ્ઞા પ્રાપ્ત થાય છે.

અધ્યાય-૭ શ્લોક ૭ પછીનો ગદ્યખંડ

પોતાના મંતવ્યો પુષ્ટ કરવા માટે ભરતમુનિ પરંપરા પ્રાપ્ત શ્લોક ટાંકે છે.

તથા નરાણાં નૃપતિઃ શિષ્યાણાંચ યથા ગુરુઃ ।
એવં હિ સર્વભાવાનાં ભાવ સ્થાયી મહાનિહ ॥

અધ્યાય-૭ શ્લોક-૮

'' જેમ મનુષ્યોમાં રાજા તથા શિષ્યોમાં ગુરુ મુખ્ય હોય છે તેમ બધા ભાવોમાં સ્થાયી ભાવ મુખ્ય (શ્રેષ્ઠ) માનવામાં આવ્યો છે.

ભરતમુનિ નિરુપિત ઉપરોક્ત ગદ્યખંડ પરથી સ્થાયી ભાવોના વ્યાવર્તક લક્ષણો આ પ્રમાણે સ્પષ્ટ થાય છે.

(૧) બધા ૪૯ નાટ્યભાવોમાંથી કેવળ ૮ ભાવોને સ્થાયીની સંજ્ઞા એટલા માટે આપવામાં આવી છે કે તે સ્વામી રુપ છે, અન્ય ભાવ તેના અનુચર રુપ છે.

(૨) બધા ભાવોમાં પોતપોતાના ગુણ હોય છે. સ્થાયી ભાવનો એ ગુણ છે કે તે ઘણાં બધા અન્ય ભાવોને આશ્રય આપે છે, અન્ય ભાવો પોત પોતાના ગુણો અનુરુપ સ્થાયી ભાવોની પાસે આશ્રય પામે છે.

(૩) આ ૪૯ ભાવોમાંથી આઠ સ્થાયી ભાવજ રસત્વની સંજ્ઞા પામે છે. કારણ કે આ આઠ ભાવોનેજ પરંપરાગત આ અધિકાર પ્રાપ્ત છે અન્ય ભાવોમાં મોટામાં મોટો ગુણ કેમ ન હોય તેને રસત્વની સંજ્ઞા પ્રાપ્ત કરવાનો અધિકાર નથી.

આમ સ્થાયી ભાવના સ્થાયિત્વના ત્રણ કારણો છે. (અ) સ્થાયી ભાવ સ્વામીરુપ છે, વ્યભિચારી ભાવ અનુચરરુપ (બ) સ્થાયી ભાવ અન્ય ભાવોને આશ્રય આપે છે - આ બને પ્રકારના ભાવોમાં પોત પોતાના ગુણ હોય છે (ક) સ્થાયી ભાવોનેજ 'રસત્વ'ની પ્રાપ્તિ થાય છે, અન્ય ભાવોને નહીં.

(અ) <u>સ્થાયી ભાવ સ્વામીરુપ છે અને વ્યભિચારી ભાવ અનુચર</u>

વ્યવહારમાં સ્વામી અને અનુચર વચ્ચે જે સંબંધ હોય છે લગભગ તેવોજ સંબંધ નાટકમાં સ્થાયી ભાવ અને વ્યભિચારી ભાવ વચ્ચે હોય છે. જેમ સ્વામી તથા સેવકોની શરીર રચનામાં તાત્વિક રીતે કોઇ ભિન્નતા હોતી નથી તે પ્રમાણે સ્થાયી ભાવ અને અન્ય ભાવોમાં અનુકરણાત્મક તથા રંગમંચગત ક્રિયાવ્યાપારાત્મક સ્વરુપની દૃષ્ટિએ કોઇ ભેદ હોતો નથી. બંને મૂળે માનવસ્વભાવ તથા પ્રકૃતિ સાથે સંબંધ ધરાવે છે. બંને સામાન્યપણે લોકાચરણ રુપ છે. બંનેની અભિવ્યક્તિ રંગમંચ ઉપર થાય છે. બંનેને વાચિક, આંગિક વિગેરે અભિનયોના આધાર પ્રાપ્ત થાય છે. આમ નાટ્યકળાની દૃષ્ટિએ સ્થાયી ભાવ અને વ્યભિચારી ભાવ એક સરખુંજ અનુકરણાત્મક તથા મંચગત ક્રિયાવ્યાપારાત્મક સ્વરુપ ધરાવે છે.

સ્વામી-સેવકોની શરીરરચના સરખી હોવા છતાં તેમના અધિકારોમાં તફાવત રહેલો છે. સેવકોએ સ્વામીની ઇચ્છા-આકાંક્ષા તથા સ્વભાવ અનુસારજ આચરણ કરવું પડે છે. તેઓ પોતાના મન પ્રમાણે વર્તી શકતા નથી. તેજ પ્રમાણે નાટ્યમાં સ્થાયીભાવ સ્વામીરુપ છે અને તેમના સ્વભાવને અનુરુપજ વ્યભિચારી ભાવોનું ઉપસ્થાપન અનિવાર્ય બને છે. વ્યભિચારી ભાવો સ્વચ્છન્દ આચરણના અધિકારી નથી તેઓ સ્થાયીની પ્રકૃતિ, સ્થાયીના સ્વભાવથી વિરુદ્ધ જઇ શકતા નથી. તેમણે રંગમંચ ઉપર સ્થાયી-મુખાપેક્ષી

રહેવું પડે છે. ભરતમુનિએ પ્રત્યેક સ્થાયી ભાવના અનુભાવો વર્ણવતી વેળા વ્યભિચારી ભાવોને અનુભાવોની યાદીમાં મુકયા છે તેનું કારણ પણ આજ.

આમ નાટ્યપ્રયોગની દૃષ્ટિએ સ્થાયી ભાવ પોતાના વિશેષ અધિકારના કારણે સ્વામી રૂપ છે અને વ્યભિચારી ભાવ તેના અનુચરરૂપ.

(બ) <u>સ્થાયી ભાવો દ્વારા અન્ય ભાવોને આશ્રય-પ્રદાન</u>

રંગમંચગત રસનિષ્પત્તિના સાધનો રૂપે સ્થાયી તથા વ્યભિચારી ભાવ સાધનાત્મકતાની દૃષ્ટિએ એક સરખા છે પણ નાટ્યપ્રયોગની વ્યાવહારિક સ્થિતિની દૃષ્ટિએ સ્થાયીને વિશેષ અધિકાર મળ્યો છે. કોઇ એક રસની નિષ્પત્તિ માટે સર્વપ્રથમ તેના સ્થાયી ભાવને અનુરૂપ દૃશ્યબંધ આયોજન, પ્રકાશ આયોજન, વેશભૂષા આયોજન તથા આંગિક, વાચિક અને સાત્વિક અનુભાવો દર્શાવવામાં આવે છે. વચ્ચે વચ્ચે વ્યભિચારી ભાવોનું પણ પ્રદર્શન થાય છે જે સ્થાયી મુખાપેક્ષીજ રહે છે. સ્થાયીનું દેશ, કાળ તથા અવસ્થા અનુસારજ ઉપસ્થાપન કરવામાં આવે છે. આ પ્રમાણે કોઇ પણ એક રસની નિષ્પત્તિ માટે રજુ કરવામાં આવતા નાટ્યપ્રયોગમાં 'સ્વામી' રૂપ સ્થાયીભાવ પોતાના વિભાવો અને અનુભાવોના માધ્યમ વડે રંગમંચ પર હમેશા ઉપસ્થિત રહે છે તથા સ્વયં અનેક વ્યભિચારી ભાવોને રંગમંચ ઉપર નાટ્યાત્મક આશ્રય આપે છે. 'આશ્રય'નો અર્થ નાટ્ય અને અભિનયપ્રક્રિયાના સંદર્ભમાંજ સમજી શકાય. એક સ્થાયી ભાવને રંગમંચ ઉપર ઉપસ્થિત કરતી વેળા તેના અનેક વિભાવ હોય છે તેમાં વિવિધ પાત્રો તથા અનેક પરિવેશોનો સમાવેશ થાય છે. જેના સહારે વ્યભિચારી ભાવોનું પણ મંચ ઉપર ઉપસ્થાપન થાય છે. એટલે સ્થાયી ભાવોનાજ વ્યાપક વિભાવોમાંથી કોઇ કોઇ વિભાવનો આશ્રય લઇ વ્યભિચારી ભાવ વચ્ચે વચ્ચે રંગમંચ ઉપર પ્રસ્તુત કરવામાં આવે છે. પરિણામે રસનિષ્પત્તિ થાય છે. આ પ્રમાણે નાટ્યકળાની દૃષ્ટિએ મંચગત સ્થાયીભાવ વ્યભિચારી ભાવોનો 'આશ્રય'દાતા બને છે.

રંગમંચ ઉપર રસનિષ્પત્તિ માટે કોઇ એક સ્થાયી ભાવનો આશ્રય વધારેમાં વધારે કેટલા વ્યભિચારી ભાવ ગ્રહણ કરી શકે તેના માટે ભરતમુનિએ 'સામાન્ય ગુણયોગ'ની વ્યવસ્થા કરી છે.તેમના મત પ્રમાણે વ્યભિચારી ભાવ પોતાની 'ગુણવત્તા'ના આધારેજ સ્થાયી ભાવનો આશ્રય મેળવે છે. અહીં 'ગુણ' શબ્દ 'વાગંગસત્વોપેત' ભાવની નાટ્યગત વિશેષતાના અર્થમાં પ્રયોજાયો છે. દાતત. શોક સ્થાયી ભાવની વિભાવગત વિશેષતાઓ છે - ઇષ્ટજન વિયોગ, વિભવનાશ, વધ, બન્ધન, દુખાનુભવ વિગેરે તથા અનુભાવગત વિશેષતાઓ છે -અશ્રુપાત, વિલાપ, પશ્ચાતાપ, વૈવર્ણ્ય, સ્વરભેદ, ગાત્રશૈથિલ્ય, ભૂમિ-પતન, ક્રન્દન, દીર્ઘ નિ:શ્વાસ, જડતા, ઉન્માદ, મોહ, મરણ વિગેરે. કરુણ રસની નાટ્યગત નિષ્પત્તિ માટે શોક સ્થાયી ભાવની આ વિભાવઅનુભાવગત વિશેષતાઓનું મંચન અનિવાર્ય બની રહે છે. વ્યાવહારિક દૃષ્ટિએ આ બધાનુ એક સાથે મંચન આરંભી ન શકાય તે સમજી શકાય તેમ છે. આથી આ વિભાવો અને અનુભાવોમાં 'સામાન્ય ગુણયોગ' જરુરી બને છે. આ ઉપરાંત પ્રત્યેક વ્યભિચારી ભાવનો પણ વિભાવ અનુભાવગત વિશેષતાઓ હોય છે, અને સાત્વિક ભાવની પણ. રંગમંચગત 'રસનિષ્પત્તિ'માટે આ બધાનું ઉપસ્થપાન ઉપયોગી હોવું નથી પરંતુ તેમાં 'સામાન્ય ગુણયોગ' જરુરી બને છે. સામાન્યનો અર્થ છે, સમાનતાનો ભાવણ જે જે નાટ્યભાવોમાં વિભાવાનુભાવગત સમાનતાનો ભાવ રહેલો હોય છે તેનો મંચગત અભિનયાત્મક સંયોગ રસનિષ્પત્તિની સ્થિતિ ઉત્પન્ન કરે છે.

સ્થાયી ભાવના 'સ્થાયીત્વ'નુ કારણ ભાવોની 'સામાન્ય ગુણયોગ' પ્રક્રિયામાં પણ જોવા મળે છે. સ્થાયી ભાવનેજ સર્વપ્રથમ તેના વિભાવાનુભાવો રુપે રંગમંચ પર મુર્તિત કરવો જરુરી બને છે. અન્ય અનેક ભાવોને તેની ગુણવત્તાના આધારે સ્થાયી ભાવનો નિકટ આશ્રય મળે છે અને આ બધાથી પરિવૃત્ત હોવા છતાં અંતે તો સ્થાયી ભાવનેજ રસત્વ પ્રાપ્ત થાય છે.

(ક) <u>સ્થાયીભાવનેજ 'રસત્વ'ની પ્રાપ્તિ થાય છે, અન્ય ભાવોને નહીં</u>

રાજા રાજાજ હોય છે, તેના પરિજનોમાં ગમે તેટલો મોટો વ્યકિત કેમ ન હોય, તેને રાજાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. નાટ્યના ક્ષેત્રમાં પણ સ્થાયી-વ્યભિચારી ભાવોની રંગમંચગત રજુઆતમાં પણ એવી વ્યવસ્થા હોય છે જે ભરતમુનિને પરમ્પરાગત

આપ્તોપદેશથીજ પ્રાપ્ત થઇ છે. ભરતમુનિ પુર્વેના નાટ્યાચાર્યોએ સ્થાયોતર ભાવોને 'રસત્વ'નો અધિકાર આપ્યો નહોતો, આથી ભરતમુનિએ આપ્તોપદેશની વિરુદ્ધ ગયા વિના આ પરંપરાનું પાલન કર્યું અને સ્થાયીભાવને મળેલા પરંપરાગત અધિકારને માન્યતા આપી અને રંગમંચ તથા નાટ્યના આધારે પ્રત્યેક સ્થાયી ભાવની વિભાવાનુભાવગત વિશેષતાઓ અથવા ગુણોની મીમાંસા કરી. આમ અહીં "તર્ક' કરતાં પરંપરાનું પાલન વિશેષ છે.

સંક્ષેપમાં ભરતમુનિની દૃષ્ટિએ 'સ્થાયી ભાવ'નું (નાટ્યપ્રયોગના આધારે) સ્વરુપ આ પ્રમાણે છે : પોતપોતાના વિભાવાનુભાવોમાં મૂર્તિત વિશિષ્ટ 'આચાર' તેજ સ્થાયી ભાવ, જે તદાનુરુપજ નાટ્યમાં રુપાયિત થાય છે.

ભરતોત્તર યુગમાં 'ભાવ'ની સાથે સાથે 'સ્થાયી ભાવ'નો અર્થ પણ પરિવર્તન પામ્યો, અભિનવગુપ્ત વિગેરે આચાર્યોએ સ્થાયીભાવનું સ્વરુપ નાટકથી તેને અળગો કરી નિર્ધારિત કર્યું, પરિણામે તેને જન્મજાતપ્ર વાસના, સંસ્કાર, પ્રાક્તન, અનાદિ વિગેરે વિશેષણો આપી તેના સ્વરુપને 'માનવીય અમૂર્ત સંવિત્ (જ્ઞાન)થી' અભિન્ન માન્યું. આ આચાર્યોએ સ્થાયીભાવની ભરતમુનિ નિર્દિષ્ટ રંગમંચ તથા અભિનયગત ક્રિયાવ્યાપાર સાપેક્ષ અવધારણાની ઉપેક્ષા કરી. ભરતમુનિની દૃષ્ટિ પ્રેક્ષકના જન્મજાત, વાસના-સંસ્કાર રુપે સ્થિત અમૂર્ત સ્થાયી ભાવના વ્યાખ્યાન-વિવેચન પર કેન્દ્રિત થઇજ નથી. તેઓ ૪૯ નાટ્યભાવોમાં 'સ્થાયી ભાવોનો' સમાવેશ કરે છે અને આ બધાની રંગમંચગત નાટ્યક્રિયાવ્યાપારાત્મક નિષ્પત્તિની મીમાંસા કરે છે.

ભરતમુનિએ 'રસનિષ્પત્તિ'ના સંદર્ભમાં નાટ્યરસોની આસ્વાદન પ્રક્રિયાનું સંક્ષિપ્ત નિરુપણ આ પ્રમાણે કર્યું છે.

નાનાભાવાભિનય વ્યજિતાન્ વાગંગસત્વોપેતાન્ સ્થાયીભાવાન્ ।
આસ્વાદયન્તિ સુમનસ: પ્રેક્ષકા: હર્ષાદીંશ્ચાધિગચ્છન્તિ... ॥

અધ્યાય-૬ શ્લોક ૩૧ પછીનો ગદ્યાંશ

પ્રેક્ષકો સ્થાયી ભાવનો આસ્વાદ લે છે અને 'હર્ષ' વિગેરે પ્રાપ્ત કરે છે. આના ઉપરથી સ્પષ્ટ થાય છે કે નાટ્યનો સ્થાયીભાવ અને પ્રેક્ષકના આસ્વાદાત્મક 'હર્ષ આદિ' સર્વથા ભિન્ન છે કારણ કે ઉપરોક્ત શ્લોકમાં સ્થાયી ભાવના રંગમંચ તથા નાટ્યક્રિયાવ્યાપારનિષ્ઠ

સ્વતંત્ર અસ્તિત્વને સુચવવા માટે બે મુખ્ય અવિભાજ્ય વિશેષતાઓનું સ્પષ્ટ પ્રતિપાદન છે (૧) નાનાભાવાભિનયવ્યંજિતાનૂ (૨) વાગંગસત્વોપેતાનૂ. અહીં 'વ્યંજિતાનૂ' શબ્દનો અર્થ છે નાટ્યમાં વ્યકત, પ્રદર્શિત અથવા પ્રગટ. ભરતોકત નાટ્યભાવોનું મૂળભૂત સ્વરુપ રંગમંચગત ક્રિયાવ્યાપારાત્મક હોવાથી સ્થાયી ભાવ પણ વિવિધ ભાવોના અભિનયથી સમન્વિત થઇ રંગમંચ ઉપર એજ રુપે પ્રદર્શિત અથવા પ્રગટ થાય છે. તેનું મુળ અસ્તિત્વ અભિનયાધિષ્ઠિત છે પ્રેક્ષક અધિષ્ઠિત નહીં. નાટ્યમાં સુમનસ પ્રેક્ષક તો રંગમંચ ઉપર અભિનયાત્મક ક્રિયાવ્યાપારમાં પ્રદર્શિત આ 'સ્થાયીભાવ' નો આસ્વાદ લે છે અને તેનું મન હર્ષ તેમજ હર્ષેતર-સજાતીય અથવા વિજાતીય ભાવનાઓથી ભરાઇ જાય છે. આમ પ્રેક્ષકના આસ્વાદ ગ્રહણનું અધિષ્ઠાન છે 'મન' અને આસ્વાદનું સ્વરુપ છે હર્ષાદિ જ્યારે નાટ્યના સ્થાયીભાવનો આધાર છે - રંગમંચ અને તેનું સ્વરુપ છે 'નાનાભાવાભિનયાત્મક' તથા વાગંગસત્વાત્મક. ભરતમુનિની દૃષ્ટિએ સ્થાયીભાવનું એજ સાચું સ્વરુપ છે.